GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

# ગુજરાતમાં સિંધુખીણ સંસ્કૃતિનું લોથલ બંદરગાહ : એક ઐતિહાસિક અધ્યયન

ઝાલા દિપ્તી ડી.
M.A. History,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

**સારાંશ**

લોથલનું ઉત્ખલનન પ્રો. એસ.આર. રાવે કર્યું. ત્યારે ઘણી બધી પુરાતત્વીય અવશેષો પ્રકાશમાં આવ્યા. હડપ્પાકાલીન સ્થળમાં નગરનિયોજન પણ ખૂબ સરસ હતું. તેમાં 1. દુર્ગ અને 2. નગરક્ષેત્ર એમ બે વિભાગ હતા અને તેમાં મહત્વનું કહી શકાય એવું ડોકયાર્ડ મળી આવ્યું છે. જેના દ્વારા લોથલના લોકો વિદેશમાં તેમજ અન્ય આંતર દેશોમાં વ્યાપાર કરતાં હતા. તેમજ અહી મણકા બનાવવાનો ઉદ્યોગ ખૂબ પ્રમાણમાં વિકસાવવામાં આવ્યો હતો અને માટીકામ, મુદ્રાકામ તેમજ ધાતુકામ, શૈલકામ, ચિત્રકામ વગેરે કરવામાં આવ્યું હતું. અને સોનું, તાંબું તેમજ માટીમાંથી ઘરેણાં બનાવવામાં પણ આવતા હતા. ઉત્ખનન દરમિયાન ફારસની મુદ્રા, ગોરીલ્લા અને મમીની મુર્તિ વગેરે મળી આવ્યા છે.

**ચાવીરૂપ શબ્દો : લોથલ, સાંસ્કૃતિક વારસો, સ્મારક, હડપ્પાકાલીન સંસ્કૃતિ, ઘરેણાઓ, માટીકામ વગેરે.**

**પૂર્વભૂમિકા :**

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં સ્થિત લોથલ એ સિંધુ ખીણની સંસ્કૃતિ (હડપ્પન સંસ્કૃતિ)નું અંદાજે 4500 વર્ષ જૂનું વિશ્વનું સૌથી પ્રાચીન બંદરગાહ છે. લોથલની શોધ 1954માં થઈ હતી અને તેના ખોદકામ દરમિયાન પકવેલી ઈંટોના મકાનો, ગટર વ્યવસ્થા, માળાના કારખાના અને ડોકયાર્ડ મળી આવ્યા છે. ગુજરાતી ભાષામાં લોથલનો અર્થ "મૃતકોનો ટેકરો" થાય છે. આ શહેર બે ભાગમાં

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

વહેચાયેલું હતું. અપર ટાઉન અને લોઅર ટાઉન અહીંના લોકો પશ્ચિમ એશિયા અને આફ્રિકા સુધી માળા, રત્નો શંખના દાગીના અને તાંબાની વસ્તુઓનો વ્યાપાર કરતાં હતા એપ્રિલ 2014માં લોથલને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે નામાંકિત કરવામાં આવ્યું છે.

**ગુજરાતમાં સિંધુખીણ સંસ્કૃતિનું એક બંદરગાહ - લોથલ - એક ઐતિહાસિક અધ્યયન**

**1.હડપ્પીય સભ્યતાનું આગમન :**

ગુજરાતની ધરતી પર હડપ્પીય સભ્યતાનું આગમન કે પગરણ કેવી રીતે થયું હતું તે વિશે વિદ્વાનોમાં મતમતાંતરો જોવા મળે છે. પુરાતત્વવિદના માટે લોકો ગુજરાતમાં જુદાં-જુદાં સ્થળે આવ્યા હતા. તેના માટે એવા મત રજૂ કરવામાં આવ્યો કે તેઓ લોથલની આજુબાજુના વિસ્તારોમાં કાચામાલ અને ખાસ કરીને અકીક વગેરેથી તથા લોથલના ભૌગોલિક સ્થાનથી વિશિષ્ટતા અને વ્યાપારી સુવિધાને કારણે વ્યાપારીઓ તરીકે આવ્યા હતા. આ આગમન માત્ર લોથલ પૂરતું મર્યાદિત હતું. ત્યાર પછી ઈ.સ. પૂર્વ 2000 સિંધુ નદીમાં આવેલા મોટા પૂરના કારણે તેઓ આ પ્રદેશમાં આવ્યા હશે અને તે વિસ્તારનો સિંધુના મુખપ્રદેશના તે સમય શરણાર્થી તરીકે તેમાં મોટા મોટા ટોળામાં આવીને સમુદ્ર કિનારે ઉતર્યા હતા અને અહીં નાની મોટી વસાહતો શરૂ કરી, ત્યારબાદ ગુજરાતનાં અંદરના ભાગમાં પ્રવેશ્યા.

**2.હડપ્પીય સંસ્કૃતિનો ગુજરાતમાં ફેલાવો :**

ગુજરાતમાં હડપ્પીય સંસ્કૃતિનો ફેલાવો કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતનો સમુદ્ર કિનારો, ઉત્તર ગુજરાતમાં રૂપેણ નદીના કાંઠે તથા રણકાંઠાના વિસ્તારમાં તથા સાબરમતીના ખેડા જિલ્લાના માળવાના વિસ્તારમાં વળાંકને કાંઠેથી આ સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં આ સ્થળોનું

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

પ્રમાણ ઘણું મોટું છે. દૂર વસાહતના લગભગ 90% સ્થળો આ પ્રદેશમાં આવેલા છે. ગુજરાતમાં આજે આ સંસ્કૃતિના 300 જેટલા ટિંબા મળી આવ્યા છે.

**3.લોથલનો ઉલ્લેખનીય ઈતિહાસ :**

ગુજરાતના આદ્ય ઐતિહાસિક તથા હડપ્પીય સ્વરૂપને સ્પષ્ટ રીતે સમજવા ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના એ સમયના પશ્ચિમ વર્તમાન વડા ડૉ. રાવે અહીં વિસ્તૃત પાયે ઉત્ખનન કરીને રંગપુરના હડપ્પીય સ્વરૂપને સ્પષ્ટ કર્યું. પરિણામે ઉત્પાદન થઈને રાવ અને એની દ્રષ્ટિએ ગુજરાતનાં ઘણા બધા વિસ્તારોમાં મોટા પાયે સંશોધન કરીને હડપ્પીય સંસ્કૃતિના બંદર તરીકે પ્રકાશમાં આવ્યું હતું. લોથલમાં ઈ.સ.1954 થી ઈ.સ.1960 સુધી એમ સાત વર્ષ સુધી રંગપુર કરતાં પણ વિસ્તૃત પ્રમાણમાં ઉત્ખનન કરવામાં આવ્યું. હવે ગુજરાતમાં આ રીતે હડપ્પીય સંસ્કૃતિની હાજરીની ખાત્રી થઈ ગઈ હતી.

**4.લોથલનો સામાન્ય ઈતિહાસ :**

ભારત દેશના પશ્ચિમ ભાગમાં ગુજરાતનો પ્રદેશ આવેલો છે. ગુજરાત રાજ્યના પાટનગર અમદાવાદથી દક્ષિણ પશ્ચિમે 80 કિમી જેટલા અંતરે આવેલ લોથલ એ પ્રાચીન સિંધુખીણની સંસ્કૃતિના દક્ષિણના શહેરમાંનું એક ગણવામાં આવે છે. જે આધુનિક રાજ્ય ગુજરાતનાં ભાલ પ્રદેશમાં સ્થિત છે. ગુજરાતનાં પ્રદેશમાં વસ્તીનો વસવાટ ઈ.સ. પૂર્વે 3700 બીસીનો ગણવામાં આવે છે. લોથલની શોધ ઈ.સ. 1854ના નવેમ્બર માસ દરમિયાન કરવામાં આવી હતી અને ઈ.સ. 1954 થી ઈ.સ.1960 દરમિયાન અનેકવિધ ઉત્ખનન કામો કરીને ભારતના પુરાતત્વીય સર્વેક્ષણ આર્કયોલોજી સર્વે ઓફ ઇન્ડિયાના જણાવ્યા પ્રમાણે લોથલ સિંધના હડપ્પન શહેરો અને સૌરાષ્ટ્રના દ્વીપકલ્પો વચ્ચેના વેપાર, માર્ગ તથા શહેર સાબરમતી નદીની માર્ગની સાથે જોડાયેલો છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**5.લોથલ વિશેનો ચોક્કસ ખ્યાલ :**

લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનાં સરગવાળ ગામથી નજીક આવેલું છે. તે અમદાવાદ ભાવનગર રેલ્વે લાઇન પર લોથલ રેલ્વે સ્ટેશનથી છ કિલોમીટર દક્ષિણ પૂર્વમાં આવેલ છે અને ધોળકા શહેરના તમામ હવાઈ માર્ગોથી સાથે જોડાયેલ છે.

લોથલનું સમાજજીવન : આર્થિક જીવન અને સાંસ્કૃતિક જીવન

**(A) લોથલનું સમાજજીવન :**

**(1) લોકો :**

એ લોકો કોણ હશે તે અંગે હાલમાં કોઈ પ્રકાશ પડતો નથી. ટૂંકમાં ગુજરાતની હાલની પ્રજા જેમ જેમ પ્રજા વસતી હશે. સમગ્ર ગુજરાતને લૂખમાં સૂડી અહીંયાના મોટા જાતિના સ્થાનિક લોકો સ્થિર થયા હશે. થોડા સિંધથી મૂળ ભૂમિમાંથી પણ આવ્યા હશે. વળી, વિશાળ સમુદ્ર કિનારાને કારણે પ્રાગ : હડપ્પીય કાળમાં પણ બહારથી પ્રજા અહીં આવી હોય અને સ્થિર થઈ હોય તેમ માની શકાય. રાવે ઊંચા દીર્ઘ કપાળવાળા લોકોને આર્યોની સાથે સાંકળવાનો પ્રયત્ન કર્યો છે.

**(2) ગ્રામીણ સંસ્કૃતિ :**

ઈતિહાસકાર પોર્સેલ જણાવે છે કે તે પ્રમાણે આ રૂઢિ હડપ્પીય કાળમાં ગુજરાતનાં થોડા વિસ્તારો જેવા કે લોથલ, રંગપુર તથા સૂર કોટડા મળી આવ્યા ત્યારે સિંધના વિસ્તારોમાં મોહેં-જો-દડો વગેરેનું પતન થયું ત્યારે જ હડપ્પીય પશુપાલકો ત્યારે ગુજરાતમાં ઢોર ચરાવવા માટે આવતા હતા. તેઓ ગુજરાતમાં સ્થિર થઈ ગયા. પરિણામે અહીં ઉત્તર હડપ્પીયકાળની ઘણી ગ્રામીણ વસાહતો અસ્તિત્વમાં આવી. ગુજરાતમાં તે ગ્રામીણ સંસ્કૃતિમાં ફેરવાઈ ગઈ.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

(3) **માટીના વાસણો :**

લોથલ સંસ્કૃતિમાં માટીમાં રેતી ભેળવીને ચાક પર માટીના વાસણો બનાવવામાં આવતા હતા. લાલ રંગના વાસણો પર કાળા રંગથી ચિત્રોને ચિત્રિત કરવામાં આવતા હતા. લોથલથી મળી આવેલ વાસણોમાં...

(1) આંષ્ટની જેમ અને મોખ પેડવાળા કુંમ (2) તપેલીની જેમ બહારથી નીકળેલા કાંઠા (3) ધારીવાળા વાટકા (4) પાયાવાળી ડિશો (5) ઊભા હાથાવાળા વાટકા (6) સાદી કથરોટુંના આકારના વાસણો મળી આવ્યા છે.

(4) **ઘરેણાં :**

લોથલકાલીન લોકો (સ્ત્રીઓ અને પુરુષો) જાત જાતના ઘરેણાં ધારણ કરતાં હતા. આભૂષણો તાંબું, કાંસાના શંખ, માટીના સોનું તેમજ અકીકના પથ્થરમાંથી બનાવવામાં આવતા હતા. લોથલના આભૂષણોમાં.. (1) માટીથી પકવેલી બંગડીઓ (2) વીંટી (3) કાનના તાંખા (4) કાંસાની વાળીઓ (5) સોનાની કડી (6) અકીકના મણકાની માળા (7) શંખની ભૂંગળીઓ

(5) **રમત-ગમતના સાધનો :**

લોથલ સંસ્કૃતિના લોકો રમત-ગમતના શોખીન હતા. પુખ્તવયના લોકો શતરંજ જેવી રમતો રમતા હતા. લોથલમાંથી માટીનો પકવેલો પાસો મળી આવ્યો છે. જેમાં 1 થી 6 અંક દર્શાવવામાં આવ્યા છે. (1) આખલો (2) ગાય (3) કુતરા (4) ભૂંડ (5) વાઘ (6) પૈડાવાળા પશુઓ (7) પક્ષી આકારની સિસોટી (8) માટીની લખોટીઓ (9) લાકડાની ચકરડી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**(6) ખોરાક :**

આ સંસ્કૃતિના લોકો ખોરાકમાં ઘઉં, બાજરો, ચોખા વગેરેનો ઉપયોગ કરતાં હતા. આ સંસ્કૃતિ શાકાહારી અને માંસાહારી એમ બંને હતી.

**અન્ત્યેષ્ઠી સંસ્કાર (સ્મશાન) :**

લોથલમાં ઉત્તર-પશ્ચિમ ખૂણે આવેલા સ્મશાનમાંથી 20 ઘોરને ઉત્ખનન કરીને 21 જેટલા માનવ હાડપિંજરને બહાર કાઢવામાં આવેલું છે. માટીના ખાડામાં ઉત્તર-દક્ષિણ વાળો ખાડો ખોદવામાં આવતો હતો. તેમાં ઉત્તર દિશામાં માથું રાખીને શબને સુવડાવવામાં આવતું હતું. આ ઉપરાંત શબના હાથ પાસે પશુનું માથું મુકવામાં આવતું હતું. ત્યાર પછી માટી નાખી દાટી દઈને દ્વારને કાચી ઇંટોથી ચણવામાં આવતું હતું. લોથલમાં જોડિયા શબને દફનાવવાની પ્રથા મળી આવી છે.

**પોશાક :**

સામાન્ય રીતે લોથલની સ્ત્રીઓ અને પુરુષો બે પ્રકારના કપડાં પહેરતા હતા. જેમાં એક શીલ વસ્ત્ર અને ઉપવસ્ત્ર એમ બે કપડાં પહેરતા હતા.

**(B) લોથલનું આર્થિક જીવન :**

**1. લોથલની ખેતી :**

લોથલમાં ખેતીવાડી વિશેના અવશેષો મળી આવ્યા છે. અહીં ડાંગર, બાજરી તથા ઘઉંના અવશેષો મળી આવ્યા છે. જે માલ વિદેશમાં નિકાસ થતી હતી તેના પેકિંગમાં કાપડનો ઉપયોગ કરવામાં આવતો હતો. તેથી એવું સ્પષ્ટ થાય કે અહીં કપાસની ખેતી કરવામાં આવતી હતી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

2. **ઓજાર :**

ખેતી માટે વપરાતા ઓજારોમાં (1) બાવળ લાકડાનું હળ જે નદી કિનારાની પોચી જમીનને ખેડવા માટે ઉપયોગી હતું.

3. **પશુપાલક :**

ખેતી માટે પશુપાલક જરૂરી હતું. લોથલમાંથી વિવિધ પશુઓના હાડકાં મળી આવ્યા છે.

(1) ખૂંધવાળા આખલા (2) ઘેટાં (3) બકરા (4) ડુક્કર

4. **અન્ય ઉદ્યોગો : અન્ય ઉદ્યોગોમાં.....**

(1) હાથી દાંત (2) શંખકામ (3) કંસારા કામ (4) અકીક ઉદ્યોગ (5) માટીકામ (6) હાથીદાંતના પુરાવાઓ પણ લોથલમાંથી મળી આવ્યા છે.

5. **વ્યાપાર :**

લોથલકાલીન સમયમાં ગુજરાતમાં સિંધ પ્રદેશમાં તેમજ અન્ય વિદેશ વ્યાપાર પણ કરવામાં આવતો હતો. વિદેશ વ્યાપારમાં પણ ઈરાન તેમજ મેસોપોટેમિયાની સાથે પણ વ્યાપાર કરવામાં આવતો હતો.

6. **લોથલનું ડોકયાર્ડ :**

લોથલમાંથી પાકી ઈંટોથી બાંધવામાં આવેલું એક અતિ વિશાળ ગોદીવાડાનું બાંધકામ મળી આવ્યું હતું. લોથલનું ડોકયાર્ડ 2 કિમી સાબરમતીની સાથે જોડાયેલુ હતું. ડોકયાર્ડમાં 7 થી 8 ફૂટ દૂર પાણી ભરાયેલું રહેતું જેના કારણે જહાજ આસાનીથી અંદર પ્રવેશી શકે.

(C) **લોથલ સંસ્કૃતિનું સાંસ્કૃતિક જીવન :**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

1. **સ્થાપત્ય :**

ગુજરાતના હડપ્પીય સ્થળોમાં લોથલ મુકામે નગર આયોજનના પુરાવાઓ મોટા પ્રમાણમાં મળી આવ્યા છે. લોથલમાં ફરતી કાચી ઈંટોથી લગભગ 7 મીટરની જાડી દીવાલ હતી.

2. **લોથલનું દરબારગઢ :**

લોથલમાં દરબારગઢનો વિસ્તાર વસાહતથી અંદર જ ગોદીથી દક્ષિણ પૂર્વ આવેલો હતો. અહીં શેરીઓ, રસ્તાઓ, મકાનો વગેરેને હડપ્પનકાલીન ગણવામાં આવ્યા હતા.

3. **કળા-કારીગરી :**

લોથલના કળા કારીગરીના અવશેષો... (1) માટીકામ (2) મુદ્રાકામ (3) અકીક કામ (4) મણીયારા કામ (5) શંખકામ તેમજ સૌરાષ્ટ્ર કચ્છના સફેદ કાચના મણકાઓ ઉપયોગમાં લેવામાં આવતા હતા.

4. **ચિત્રકલા :**

સમગ્ર ગુજરાતમાં હડપ્પીય કાળમાં માટીના વાસણો ઉત્તર સર્વાધીન પ્રમાણમાં સંશોધન કરેલું જણાય આવે છે. ચિત્રમાં ભૌગોલિક આકૃતિઓ, વનસ્પતિની આકૃતિ, પશુ-પક્ષીની આકૃતિઓ તેમજ માણસોની આકૃતિ દોરવામાં આવતી હતી.

ચિત્રોમાં (1) વાંકીચુકી વીંટીઓ (2) સીધા પટ્ટા (3) સીધી વીંટીઓ (4) જાળીવાળા ત્રિકોણ (5) વર્તુળો (6) ચોળખા (7) લાદી ભાત (8) તોરણ ભાત (9) ઊભા પટ્ટા

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**મૂલ્યાંકન :**

સમગ્ર લોથલના ઇતિહાસને સમજ્યા બાદ એમ કહી શકાય કે હડપ્પીય સમય દરમિયાન લોથલ એક મહત્વનું કેન્દ્ર હતું. સમગ્ર એશિયામાં એકમાત્ર લોથલમાં જ 'ડોકયાર્ડ' મળી આવ્યું છે. તેથી એવું સિદ્ધ થાય છે કે અહીંના લોકો વ્યાપાર વાણિજ્યમાં અગ્રેસર હશે. તેમજ ઈરાન મેસોપોટેમિયા તેમજ સિંધુખીણની સંસ્કૃતિના લોકો સાથે વ્યાપાર કરવામાં આવતો હતો. લોથલમાંથી મળેલા પુરાતત્વીય અવશેષો યોગ્ય સ્થાન ધરાવે છે.

:: **સંદર્ભસૂચિ** ::


- ગઢવી જનક, પ્રાચીન અને મધ્યકાલીન ભારતનો ઇતિહાસ મેકમિલન ઈન્ડિયા લિમિટેડ, નવી દિલ્હી, 2013
- વ્યાસ રજની, 'ગુજરાતની અસ્મિતા' અક્ષરાં પ્રકાશન, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ, 2003
- શાસ્ત્રી, હરિપ્રસાદ પરીખ, 'ર.છો. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', મે-જૂન-1970
- શાસ્ત્રી, હરિપ્રસાદ પરીખ ર.છો., 'રંગપુર પુરાતન સંસ્કૃતિઓ', પથિક, અંક-12, 1973
- શાસ્ત્રી, હરિપ્રસાદ પરીખ ર.છો., 'સૌરાષ્ટ્રનો પ્રાચીન ઇતિહાસ', પથિક અંક, એપ્રિલ-મે-1969
- ધારૈયા, ડૉ. આર.કે, 'પ્રાચીન ભારતનો ઈતિહાસ', સી જમનાદાસ કંપની, 2004-2005, દેવેન્દ્ર ભટ્ટ, સલીમ કાઝી, ડૉ. એસ.વી.

- ડબલ્યુ વોટસન કર્નલ જે., કાઠીયાવાડ સર્વસંગ્રહ ગુજરાતી ભાષાંતર, મુંબઈ એજ્યુકેશન સોસાયટી પ્રેસ, 1886, પૃ. 442-443
- વોટસન જે ડબલ્યુ, 'કાઠીયાવાડ ગેજેટિયર ગ્રંથનો ગુજરાતી અનુવાદ, કાઠીયાવાડ, સર્વસંગ્રહ, મુંબઈ, 1886, પૃ. 1
- જાની (ડૉ.) એસ.વી., "સૌરાષ્ટ્રનો ઈતિહાસ ભાગ-2 (1948 થી 1956) દર્શક ઈતિહાસનિધિ, પ્રથમ આવૃત્તિ, 2012, પૃ. 3